# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ,
# તા.ખેરગામ જિ.નવસારી

**સ્થાપના વર્ષ :– ૧૯૯૨**




**Accredited "B" Grade, With CGPA 2.03 by NAAC**

સપ્તધારા, ઉદિશા પ્લેશમેન્ટ, રમત–ગમત અને N.S.S. અંતર્ગત થયેલ પ્રવૃતિ

# કસ્તુરી

**અંક– ૧૦**

## "30 મો વાર્ષિક અહેવાલ ૨૦૨૨–૨૦૨3"


પ્રિ. ડૉ. સંજયકુમાર એમ. પટેલ
આચાર્યશ્રી
મુખ્ય સંપાદકશ્રી અને પ્રકાશક

**સહ સંપાદકો**

| | | | |
|---|---|---|---|
| પ્રો. નીમુબેન એસ. ચૌધરી<br>આસિ. પ્રોફેસર (ઈતિહાસ)<br>સપ્તધારા કો–ઓર્ડિનેટર | પ્રો. વિષ્ણુભાઈ આર. પઢિયાર<br>ગ્રંથપાલ | પ્રો.ચેતનાકુમારી બી. પટેલ<br>આસિ. પ્રોફેસર (સંસ્કૃત) | પ્રો.મનિષાબેન આર. જોગીયા<br>આસિ. પ્રોફેસર (હિન્દી) |

**સલાહકાર સમિતિ**

| | | |
|---|---|---|
| પ્રો. જીગરભાઈ વી. પરમાર<br>આસિ. પ્રોફેસર (આંકડાશાસ્ત્ર)<br>સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ | પ્રો. ધર્મરાજ ઈ. ટૈંભરે<br>આસિ. પ્રોફેસર (અંગ્રેજી)<br>IQAC/NAAC કો–ઓર્ડિનેટર | ડૉ. મીનાક્ષીબેન આર. પટેલ<br>એસો. પ્રોફેસર (ગુજરાતી) |

## સંપાદકશ્રીઓનું નિવેદન.......

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ નાં ‘કસ્તુરી’ અંક-૧૦’ અઝાદી કા અમૃત મહોત્સવ આપની સમક્ષ રજૂ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓનાં સર્વાંગીણ વિકાસને ધ્યાનમાં લઈને વિવિધ ઈત્તર પ્રવૃતિઓ જેમ કે સપ્તધારા, રૂસા, ઉદ્દિશા, રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.), ફિનિશિંગ સ્કૂલ, રમત-ગમત, SSIP, એક ભારત શ્રેષ્ઠ ભારત કલબ, ઇનોવેશન ક્લબ, ઓનલાઈન વેબિનાર, સેમિનાર, યુવક મહોત્સવ, ખેલમહાકુંભ, આંતર કોલેજ સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે જેવી પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્તશક્તિ બહાર લાવી એમની પ્રતિભા ઉજાગર થાય એવા પ્રયાસો કોલેજ પરિવાર કરી રહ્યો છે. સમગ્ર વર્ષ દરમ્યાન અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા થયેલ વિવિધ પ્રવૃતિની ઝાંખી ‘કસ્તુરી’ અંક થકી અમે કરાવી રહ્યા છીએ. કોલેજ દ્વારા હાથ ધરાયેલ અનેકવિધ પ્રવૃતિઓ, પ્રસંગો, ઘટનાઓ, કાર્યક્રમોની નોંધને આ અંકમાં સંકલિત કરવાનાં યથોચિત પ્રયાસો અમે કર્યા છે, તેમ છતાં આ અંકમાં કોઈ પણ ક્ષતિ રહી જવા પામી હોય તો તે બદલ સંપાદક સમિતિ ક્ષમા યાચે છે, તેમજ રહી ગયેલ ક્ષતિને દૂર કરવા આપશ્રીના સૂચનો અમને આવકાર્ય છે. ‘કસ્તુરી’ અંકના મુખપત્રની જવાબદારી અમને સોપવામાં આવી છે. અમારા કરતા પણ વિશેષ કાળજી અમારા આદરણીય બહુમુખી પ્રતિભા ધરાવતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીએ કરી છે. ‘કસ્તુરી’ અંક માટે તેમનું સતત ચિંતન, મનન તેમજ દિશાસૂચન અમને મળતા રહ્યા છે, જે બદલ અમો સંપાદકવૃંદ માનનીય આચાર્ય સાહેબશ્રીનો હૃદયથી આભાર વ્યક્ત કરીએ છીએ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ B.A./B.COM.ની પરીક્ષાઓમાં કોલેજ કક્ષાએ વિવિધ વિષયોમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓની યાદી અને વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવેલ શિષ્યવૃત્તિની વિગત શૈ.વર્ષ:૨૦૨૧-૨૨ની આપવામાં આવી છે.



**પ્રા.ડૉ.નીમુબેન એસ.ચૌધરી**
**(ઇતિહાસ)**
**અધ્યક્ષ**



**પ્રા.યોગેશકુમાર એન. ટંડેલ**
**(સંસ્કૃત)**
**સભ્ય**



**પ્રા.વિષ્ણુભાઈ આર.પઢિયાર**
**(ગ્રંથપાલ)**
**ઉપાધ્યક્ષ**



**પ્રા.ડૉ.મનિષાબેન આર.જોગીયા**
**(હિન્દી)**
**સભ્ય**

- સંપાદક સમિતિ

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧ | સંપાદકશ્રીઓનું નિવેદન | ૧ |
| ૨ | આચાર્યશ્રીની કલમે | ૫-૯ |
| ૩ | કોલેજ પરિવાર અને વિદ્યાર્થી સંઘ - શૈક્ષણિક વર્ષ :૨૦૨૨-૨૩ | ૧૦-૧૧ |
| ૩.૧ | કોલેજ પરિવાર | ૧૦-૧૨ |
| ૩.૨ | વિદ્યાર્થી સંઘ અને વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ | ૧૨-૧૩ |
| ૪ | કોલેજની વિવિધ સમિતિઓ - શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ | ૧૪-૧૫ |
| ૫ | વિદ્યાર્થીઓનું પરિણામ અને તેજસ્વી તારલાઓ - શૈ. વર્ષ :૨૦૨૧-૨૨ | ૨૪-૩૯ |
| ૫.૧ | પરીક્ષાનું પરિણામ – શૈ. વર્ષ : ૨૦૨૧-૨૨ | ૨૪ |
| ૫.૨ | કોલેજના તેજસ્વી તારલાઓ | ૨૪-૩૯ |
| ૫.૨.૧ | યુનિવર્સિટી પરીક્ષામાં કોલેજ કક્ષાએ જે તે વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ - શૈ. વર્ષ :૨૦૨૦-૨૧ | ૨૪-૨૭ |
| ૫.૨.૨ | સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ | ૨૭ |
| ૫.૨.૩ | શૈ. વર્ષ : ૨૦૨૦-૨૧ માં યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ | ૨૭-૩૯ |
| ૬ | સ્કૉલરશીપની માહિતી -શૈ.વર્ષ :૨૦૨૧-૨૨ | ૪૦-૪૧ |
| ૭ | વિદ્યાર્થીઓની સંખ્યા - શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ | ૪૨ |
| ૮ | અધ્યાપકો દ્વારા ભાગ લીધેલ વિવિધ કોન્ફરન્સ/સેમીનાર/એફ.ડી.પી./ ઓ.પી./આર.સી. અને વર્કશોપ અંગેની માહિતી. | ૪૩-૪૮ |
| ૯ | શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૨ના સમગ્ર વર્ષ દરમિયાન થયેલ પ્રવૃતિઓ | ૪૯-૬૭ |
| ૧૦ | વિવિધ સમિતિઓ અને વિભાગના અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૬૮-૨૩૮ |
| ૧૦.૧ | વિવિધ સમિતિઓના અહેવાલ | ૬૮-૧૯૮ |
| ૧૦.૧.૧ | સપ્તધારા સમિતિનો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૬૮-૯૯ |
| ૧૦.૧.૨ | રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)નો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૧૦૦-૧૬૬ |
| ૧૦.૧.૩ | ઉદ્દિશા સેલ અહેવાલ - શૈ.વર્ષ: ૨૦૨૨-૨૩ | ૧૬૮-૧૮૬ |
| ૧૦.૧.૪ | ફિનિશિંગ સ્કૂલ અહેવાલ - શૈ.વર્ષ: ૨૦૨૨-૨૩ | ૧૮૭-૧૯૧ |
| ૧૦.૧.૫ | સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP) અહેવાલ શૈ.વર્ષ: ૨૦૨૨-૨૩ | ૧૯૧-૧૯૮ |
| ૧૦.૨ | વિભાગ અંતર્ગત થયેલ પ્રવૃતિઓના અહેવાલ - શૈ.વર્ષ: ૨૦૨૨-૨૩ | ૧૯૯-૨૩૮ |
| ૧૦.૨.૧ | અંગ્રેજી વિભાગનો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૧૯૯ |
| ૧૦.૨.૨ | ગુજરાતી વિભાગનો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૧૯૯-૨૦૧ |
| ૧૦.૨.૩ | હિન્દી વિભાગનો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૨૦૧-૨૦૬ |
| ૧૦.૨.૪ | સંસ્કૃત વિભાગનો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૨૦૭-૨૦૮ |

| | | |
|---|---|---|
| ૧૦.૨.૫ | ઇતિહાસ વિભાગનો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૨૦૮-૨૨૦ |
| ૧૦.૨.૬ | સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૨૨૦-૨૨૪ |
| ૧૦.૨.૭ | અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૨૨૭-૨૨૬ |
| ૧૦.૨.૮ | મનોવિજ્ઞાન વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૨૨૭ |
| ૧૦.૨.૯ | સાયન્સ ફેકલ્ટીનો અહેવાલ થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૨૨૭-૨૩૪ |
| ૧૦.૨.૧૦ | ગ્રંથાલય વિભાગનો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩ | ૨૩૫-૨૩૮ |
| ૧૧ | કોલેજમાં થયેલ અન્ય પ્રવૃત્તિઓનાં ફોટોગ્રાફ્સ | ૨૩૮-૨૬૭ |
| ૧૧.૧ | એફ.વાય. બી.એ./બી.કોમ પ્રવેશોત્સવ કાર્યક્રમ – શૈ. વર્ષ: ૨૦૨૨-૨૩ | ૨૩૮-૨૩૯ |
| ૧૧.૨ | ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી | ૨૩૯-૨૪૦ |
| ૧૧.૩ | નવરાત્રીનાં પાવન પર્વની ઉજવણી | ૨૪૧ |
| ૧૧.૪ | મેન્ટર-મેન્ટી મીટીંગ અને કાઉન્સેલિંગ | ૨૪૨ |
| ૧૧.૫ | ઈતર પ્રવૃતિઓ | ૨૪૩-૨૬૭ |
| ૧૨ | દૈનિક વર્તમાન પત્રોમાં પ્રકાશિત થયેલ વિવિધ પ્રવુતિઓનાં પ્રેસ રીપોર્ટસ | ૨૬૮-૨૭૮ |

આચાર્યશ્રીની કલમે.......



**સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામનો ૩૦મો વાર્ષિક અહેવાલ "કસ્તુરી" સ્વરૂપે રજૂ કરતા હું આનંદ, ગૌરવ અને સંતોષની લાગણી અનુભવું છું.**

ગુજરાતનાં અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં સ્થિત આ કોલેજ વિદ્યાર્થીઓનાં વિકાસ તથા ઉત્કર્ષ માટે અહર્નિશ કાર્ય કરે છે, જે અવિસ્મરણીય છે. આ કોલેજની શરૂઆત સને ૧૯૯૨ થી જનતા માધ્યમિક શાળા ખેરગામનાં મકાનમાં થઈ હતી અને તા.૨૧/૦૧/૨૦૦૪ થી કોલેજના નવા મકાનમાં સ્થળાંતર થયું હતું, સમય અને સંજોગોની સાથે તાલ મિલાવી વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ગુણાત્મક, વ્યવસાયલક્ષી અને વ્યવહારલક્ષી શિક્ષણ આપવાની સાથે આદિવાસી વિસ્તારનું સંરક્ષણ અને સંવર્ધન થાય તેવા સતત પ્રયાસો કરી રહી છે. વિદ્યાર્થીઓને સારી સુવિધા અને ઉત્તમ શિક્ષણ મળે તેની તકેદારી રાખીએ છીએ. આ કોલેજ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સાથે સંલગ્ન છે.

અત્રેની કોલેજમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ એમ ત્રણ ફેકલ્ટીઓનું શૈક્ષણિક કાર્ય ચાલે છે. આ સાથે બંને ફેકલ્ટીમાં એમ.ફીલ તેમજ પી.એચ.ડી. જેવી ઉચ્ચ ડીગ્રીનું શૈક્ષણિક માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવે છે. વિનયન વિદ્યાશાખામાં ફરજિયાત વિષય તરીકે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી તથા મુખ્ય વિષય તરીકે સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ઈતિહાસ તથા ગૌણ વિષય તરીકે આગળના તમામ વિષયો ઉપરાંત મનોવિજ્ઞાન વિષય પણ શીખવવામાં આવે છે. વાણિજ્ય વિદ્યાશાખામાં ફરજિયાત વિષય તરીકે ગુજરાતી અને અંગ્રેજી તથા મુખ્ય વિષય તરીકે એડવાન્સ એકાઉન્ટન્સી અને ઓડિટીંગ તથા ગૌણ વિષય તરીકે બેકિંગ અને આકંડાશાસ્ત્ર શીખવવામાં આવે છે. ચાલુ શૈ.વર્ષ:૨૦૨૨-૨૩માં વિજ્ઞાન પ્રવાહ શરૂ થતાં F.Y.B.SCમાં ફરજિયાત ભાષા તરીકે અંગ્રેજી તથા પર્યાવરણ (ફરજિયાત વિષય), તેમજ મુખ્ય વિષય તરીકે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર જેવા વિષયો શીખવવામાં આવે છે. જ્ઞાનાર્જન એ જ તપશ્ચર્યા છે. શિક્ષણ જ્ઞાનલક્ષી, વિદ્યાલક્ષી હોવું જોઈએ, નહીં કે પરીક્ષાલક્ષી, કેમકે શિક્ષણની પ્રક્રિયા હંમેશા વિદ્યાર્થીકેન્દ્રી હોય છે અને એ જ શ્રેષ્ઠ પરિણામ આપે છે. એક તંદુરસ્ત સમાજ, રાજ્ય અને રાષ્ટ્ર ત્યારે જ બની શકે કે જ્યારે શિક્ષા વિદ્યાર્થીકેન્દ્રી હોય. એ માટે કૉલેજ પરિવાર હંમેશા પ્રયત્નશીલ રહે જ છે. જિંદગીની દરેક ક્ષણે આપણી ઈચ્છા મુજબ થતું નથી સંજોગો ખરાબ અને સારા આવતા હોય છે. આપણી કોલેજે કોરોનાના કપરાકાળમાં પણ હકારાત્મક અભિગમ દાખવીને સંજોગોને બદલવાનો પ્રયાસ કરી કંઈક નવું જ સર્જન કરીને સફળ થવાની કોશિશ કરી તેના પરિપાકરૂપે આપણે ત્યાં બી.એસસી.નાં અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટેની અરજીના સંદર્ભમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા સ્થાનિક તપાસ સમિતિ (LIC)એ કોલેજની તા.૦૬/૦૭/૨૦૨૨ને બુધવારનાં રોજ રૂબરૂ મુલાકાત લીધી હતી. જેમાં ડૉ.જયંત્તિભાઈ એસ.ચૌધરી, શ્રી કનુભાઈ અલગોતર, ડૉ.અશ્વિનભાઇ એસ. પટેલ, ડૉ.હિતેન્દ્રસિંહ એચ. ખરવાસિયા, ડૉ.ભદ્રેશ પરમાર, ડૉ.હેતલ.સી.ટંડેલ, ડૉ.મુકેશ ગોયાણી, શ્રી નારાયણભાઈ અમીન અને એકઝીકયુટીવ એન્જિનિયર શ્રી ગૌરાંગ પટેલ (આર.એન.બી.) ચીખલીથી ઉપસ્થિત રહ્યા હતા. જેના ફળસ્વરૂપે ચાલુ શૈ.વર્ષ:૨૦૨૨-૨૩માં સાયન્સ પ્રવાહને યુનિવર્સિટીનું જોડાણ મળતા આપણે F.Y.B.SC.નાં વર્ગો શરૂ કરી શક્યા, જેનો લાભ અંતરિયાળ વિસ્તારમાં આવેલ

આદિજાતિના વિદ્યાર્થીઓને ઘર આંગણે કાયમી ધોરણે ઉચ્ચ શિક્ષણ મળતું રહે, જેની અંતરથી હું અનેરા આનંદની અનુભૂતિ કરું છું તેને હું શબ્દ થકી વર્ણવી શકું એમ નથી.

તા.૨૬/૦૭/૨૦૨૨ને મંગળવારના રોજ શૈ.વર્ષ:૨૦૨૨-૨૦૨૩માં F.Y.B.A./B.COM./B.SC.માં નવા પ્રવેશ મેળવેલ ૨૫૫ નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો.

દેશ જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે તથા આપણે અમૃતકાળનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કરીયે છીએ ત્યારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આત્મનિર્ભર ભારતનો મંત્ર આપ્યો છે. તેમના આ આહ્વાહનને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે તેને આત્મસાત કરવા માટે ખેરગામ કોલેજનો વિદ્યાર્થી આત્મનિર્ભર બની રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બંને એવા સતત પ્રયાસ કોલેજ પરિવાર કરી રહ્યો છે. સરકાર નવા ભારતનાં નિર્માણનું મિશન આગળ ધપાવી રહી છે. ભવિષ્યલક્ષી નીતિઓ ઘડીને તેનો અમલ થઇ રહ્યો છે અને G20ના યજમાન પદનું ભારતને સુકાન અને ગૌરવ મળ્યું છે ત્યારે તેના અનુસંધાને વિવિધ કાર્યક્રમોમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સહભાગી બન્યા છે, તેની નોંધ લેવી ઘટે. જેમકે, ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલ અમદાવાદ ખાતે માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં "Future Agri Entrepreneurs" એક દિવસીય વર્કશોપ, "શિક્ષા સંગમ" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સુરત ખાતે, "અમૃત નવસર્જન સ્પર્ધા"- સાયન્સ સિટી અમદાવાદ ખાતે અને "આયુષ મેળો" રામજી મંદિર ખેરગામ ખાતે કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સહભાગી બન્યા હતા.

કોલેજ કક્ષાએ G-20 અને Y20 કાર્યક્રમ અંતર્ગત ઇનોવેશન ક્લબ અંતર્ગત "પ્રબોધ" લેવલની D.I.Y.KITSની ટ્રેનિંગ, "ગુરૂ શિષ્ય પરંપરા", "સિટીઝન ફર્સ્ટ ગુજરાત પોલીસ એપ" અને "સિટીઝન પોર્ટલ", વિશ્વ આદિવાસી દિન, "હર ઘર તિરંગા", "યુવા મતદાર મહોત્સવ ૨૦૨૨", "૩૬મી નેશનલ ગેમ્સ અવરનેશ અભિયાન", ફિનિશિંગ સ્કૂલની તાલીમ, "બેઝીક ઓફ ઇનોવેશન", "કરિયર ગાઇડન્સ", "વ્યકતિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર-૨૦૨૨", "યોગ શિબિર", "અભયમ મહિલા હેલ્પલાઈન", "બેઝિક ઓફ વેર્નાકુલાર ઇનોવેશન"ની ઓનલાઇન તાલીમ, CSR BSFI-BDE (BUSINESS DEVELOPMENT EXECUTIVE), 'Taxonomy, Gardening, Nursery', "કરિયર ગાઇડન્સ વર્કશોપ", "Interpersonal Skills & Positive Attitude", "ગ્રામ અભ્યાસ", "A Career counseling seminar", "વ્યસન મુક્તિ" અને "માનસિક સ્વાસ્થ્ય જન-જાગૃત્તિ કાર્યક્રમ" જેવા વિવિધ વિષયો સંદર્ભે ઓફલાઈન સેમીનાર યોજવામાં આવ્યાં હતા. જે નિમિત્તે વિવિધ સેમિનારોમાં વક્તા તરીકે શ્રી.મુલેશ જોગિયા, ખેરગામ પોલીસ સ્ટેશનનાં PSI એસ.એસ.માલ, LBI મુકેશભાઈ, પ્રા.ખુમરાજ કે મહેતા, છાંયડો હોસ્પિટલનાં તબીબ ડૉ.નિરવભાઈ બી.પટેલે, વડોદરાથી શ્રી આદિત્ય યાજ્ઞિક અને શ્રી સિદ્ધાર્થ પરમ, વૈદિક ગણિતશાસ્ત્રનાં નિષ્ણાંત શ્રી સતિષભાઇ પટેલ અને સાયન્સ કોલેજ ચીખલીથી પ્રા.ડૉ.પ્રદ્યુમનભાઇ પરમાર તેમજ NDRF ફાઉન્ડેશન સેન્ટર ખેરગામથી મનિષાબેન પટેલ, શ્રી ડૉ.અજીતભાઈ ધોડિયા, ડૉ.મીતાબેન અને ગામ નાંધઈથી ડૉ.નિરંજનભાઈ પટેલ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ધરમપુરનાં યોગ કોચ, યુથ લીડરશીપનાં પ્રણેતા, સહજ સમાધિના માસ્ટર અને ૨૨ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા આર્ટ ઓફ લિવિંગનાં ટીચર, શ્રી ગુલાબભાઈ ડી.જાદવ, કૃપાલીબેન પટેલ અને તેમની સાથે પોલીસ કોન્સ્ટેબલ હીનાબેન એ. પટેલ નવસારી જિલ્લા મહિલા હેલ્પલાઈન વિભાગ, શ્રી પંકજભાઈ રાઠોડ તથા શ્રી અલ્કેશભાઇ ચૌહાણ, પ્રા.ડૉ.સંદિપભાઈ એલ.પટેલ, સરકારી

આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજ, દમણ, જિલ્લા યુવા અધિકારી, વર્ષાબેન અને તેમની સાથે નહેરૂ યુવા કેન્દ્ર નવસારીનાં કાઉન્સેલર નમીતાબેન, નારણલાલા કોલેજ નવસારીથી વિષય તજજ્ઞ પ્રા.ડૉ.વિશાલભાઈ માળી અને પ્રા.ડૉ.દિવ્યેશ ગાંધી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતથી વિષય તજજ્ઞ પ્રા.ડૉ. શ્રીધર નિમાવત અને ડૉ.દીપેશભાઈ ઝા, જ્ઞાનયજ્ઞ એકેડેમી ધરમપુરથી વિષય તજજ્ઞ શ્રી એન.ડી.ઠાકોર, નવસારીથી હાર્દિક પારેખ અને પ્રદીપ મકવાણા (મનોચિકિત્સક) જેવા અનુભવી વક્તાઓનો લાભ વિદ્યાર્થીઓને મળ્યો હતો.

તા૨૮/૧૨/૨૦૨૨, બુધવારના રોજ શૈ.પ્રવાસ જાનકીવન, પદમડુંગરી (ઇકો ટુ રિઝ્મ પોઈન્ટ), વનિલ ઉદ્યોગ, બોટાનિકલ ગાર્ડન વઘઈનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજના(NSS)નાં ૧૦૭ વિદ્યાર્થીઓ, ૦૮ સ્ટાફ અને ૦૩ રસોઈયા મળી કુલ-૧૧૯ વ્યક્તિઓ સહભાગી બન્યા હતા. GIDC બીલીમોરા ખાતે વિવિધ ચાર કંપની જેમકે શ્રી દત્ત પ્લાસ્ટિક, જ્યોતિ એન્જીનીયરીંગ, એનપી ઇન્ડસ્ટ્રીઝ અને એસ.એન.ડી. ઇન્ડસ્ટ્રીઝની રૂબરૂ મુલાકાત લીધી હતી.

તા.૦૪/૦૧/૨૦૨૩ થી તા.૧૦/૦૧/૨૦૨૩ સુધી "પર્યાવરણ, સિંગલ-યુઝ-પ્લાસ્ટિક, આર્યુવેદ અને આરોગ્ય" પ્રાથમિક શાળા પીપલખેડનાં પટાંગણમાં રાષ્ટ્રીય સેવા યોજના (NSS) કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તા.૦૬/૦૧/૨૦૨૩ને શુક્રવારના રોજ "વ્યસન મુક્તિ" વિષય સંદર્ભે ડૉ.શરદભાઈ પટેલ, પ્રેરણા ગૃપ નવસારી જેમણે તંદુરસ્ત રહેવા માટે શું કરવું? તેમજ વ્યસનથી દૂર રહેવા અને તેનાથી થતાં ગંભીર રોગો વિષે શિબિરાર્થીઓને માહિતગાર કર્યા હતા. અને શ્રી દિવ્યેશભાઈ પટેલ, નોંધણી નિરીક્ષકશ્રી, વલસાડથી આવ્યા હતા, જેમણે શિબિરાર્થીઓને મિલકત નોંધણીના કાર્યો, જમીન માપણી, સ્ટેમ્પ ડયુટી, સ્થાવર જંગમ મિલકત, માલિકી હસ્તાંતરણ બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો, કાયદાનો વ્યવહારુ ઉપયોગ સાથે કારકિર્દી આયોજન અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત શ્રી નિર્મલભાઈ ચૌધરી, સમાજ સુરક્ષા અધિકારી, નવસારીથી ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિષય અનુસંધાને વ્યાખ્યાન આપતા જણાવ્યું કે "તમે જે ગામમાં કેમ્પ લઈને આવ્યા છો ત્યાં અને તમે જે ગામમાંથી આવો છો ત્યાં તમને સરકાર તરફથી કયા કયા લાભો મળી શકે? સરકારશ્રીની કઇ યોજના અંતર્ગત આપણે તેઓને લાભ અપાવી શકીએ, જેમકે અનાથ બાળક, વૃધ્ધ પેન્શન, દિવ્યાંગ, વિધવા પેન્શન યોજનાઓ અંગે માહિતગાર કર્યા.

તા.૦૭/૦૧/૨૦૨૩ શનિવારના રોજ મફત સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પ ડૉ.પાર્થ એસ. પટેલ (આયુર્વેદ મેડિકલ ઓફિસર- માંડવખડક)નાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. જેમાં ડૉ.દિલીપભાઇ આહીર (આયુર્વેદ મેડિકલ ઓફિસર-કાકડવેલ), ડૉ.આશિષભાઈ પટેલ (આયુર્વેદ મેડિકલ ઓફિસર-ઢોલુમ્બર), ડૉ.રિંકલબેન આર.પટેલ (હોમયોપેથિક મેડિકલ ઓફિસર રૂમલા), ડૉ.રોહિતભાઈ એચ. કટારીયા (હોમિયોપેથિક મેડિકલ ઓફિસર વાંસદા)ના સહયોગથી હોમિયોપેથિક કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે મીતા ડી. પટેલ (લેબોરેટરી ટેકનિશિયન, રેફરલ હોસપિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર રૂમલા), કિરણ એ. પટેલ (કાઉન્સેલર, રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર રૂમલા) તેમજ તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પનો લાભ શાળાના બાળકો, ગ્રામજનો તથા શિબિરાર્થીઓએ લીધો હતો. જેમકે આયુર્વેદમાં ૧૭૬, હોમિયોપેથિકમાં ૧૬૩ અને હર્બલ ટીમાં ૩૩૫ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં HB, RBS, HIV, Biochemistry, Malaria વગેરે

૬૯ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા. મહિલાઓને થતાં ગંભીર રોગો વિષે ડૉ.રિંકલબેન આર. પટેલ (હોમિયોપેથિક મેડિકલ ઓફિસર રૂમલા)એ પ્રેઝન્ટેશન દ્વારા શિબિરાર્થી બહેનોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

કોલેજ પરિવાર રાષ્ટ્રીય સેવા યોજના(NSS), સપ્તધારા, ઉદ્દિશા, રૂસા, SSIP-ઇનોવેશન કલબ, રમત-ગમત વિભાગ થકી રાષ્ટ્રીય, આંતરાષ્ટ્રીય તેમજ સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા મહાનુભાવો જેમકે ફ્લોરેન્સ નાઇટીંગલ, મહાત્મા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, સરદાર વલ્લભાઇ પટેલ, સ્વામી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, અટલબિહારી વાજપેયીજી, ધીરુભાઈ અંબાણી, વર્ગીસ કુરિયન, બિરસા મુંડા, પ્રેમચંદ મુન્શી, ભારતેન્દુ બાબુ, કવિ નર્મદ, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી તેમજ મહાકવિ કાલિદાસ જેવા સંસારનિર્માતાનાં જન્મ દિવસો, રાષ્ટ્રીય પર્વો અને ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે.

તા.૦૯/૦૧/૨૦૨૩ થી તા.૨૦/૦૧/૨૦૨૩ સુધી વડોદરા ખાતે ૨૦ વિદ્યાર્થીઓ અને તા.૧૯/૦૨/૨૦૨૩ થી તા.૦૩/૦૩/૨૦૨૩ સુધી કામરેજ ચાર રસ્તા ખાતે ૦૫ વિદ્યાર્થીઓએ NDRF ની તાલીમાં ભાગ લીધો હતો. “ડીઝાસ્ટર મેનેજમેન્ટ” અંગેનાં કાર્યક્રમમાં બાર જેટલા સાધનો ધરાવતી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા ડિસેમ્બર 2022માં લેવાયેલ F.Y.B.SC.-સેમ.1નું 100 ટકા પરિણામ પ્રાપ્ત કરેલ છે. પટેલ મહેશ્વરીબેન રાજેશભાઈએ (વર્ષ:૨૦૨૧-૨૨) સંસ્કૃત વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. પટેલ દમયંત્તિબેન મનહરભાઈ પટેલ NSS (વર્ષ:૨૦૨૧-૨૨)-રાજયકક્ષાનો એવોર્ડ માટે પસંદગી પામ્યા છે. પટેલ તરૂણકુમાર અશ્વિનભાઇ અને પટેલ સોનાલીબેન ઠાકોરભાઇએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે ભાગ લીધો હતો. ઉપરાંત પટેલ તરૂણભાઈ અશ્વિનભાઈ હિમાચલ પ્રદેશ સિમલા–મનાલી ખાતે નેશનલ એડવેન્ચર કેમ્પ ૨૦૨૨ માં સહભાગી બન્યો હતો.

ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન અર્થશાસ્ત્ર વિષયમાં બે અધ્યાપકોને મારા માર્ગદર્શન હેઠળ Ph.D.ની ડીગ્રી એનાયત કરવામાં આવી છે, જેમા મુ.પો.વાંસકૂઈ તા.મહુવાના રીટા મહેતાએ અર્થશાસ્ત્ર વિષયમાં “”ખેતમજૂરોના પ્રશ્નો અને ભાવિ વિકાસની સંભાવનાઓ દક્ષિણ ગુજરાતના (નવસારી જિલ્લાના સંદર્ભમાં)” સંશોધન કાર્ય પૂર્ણ કર્યું હતું . જેને યુનિવર્સિટીએ માન્ય રાખી Ph. D.ની ડીગ્રી એનાયત કરી છે અને તેઓને ભાવનગરની મહિલા કોલેજમાં અધ્યાપક તરીકેની નિમણૂંક પણ મળી ગઈ છે. આપણી જ કોલેજના અર્થશાસ્ત્ર વિષયના અને N.S.S.ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી દિવ્યેશભાઈ પટેલે “‘જ્યોતિગ્રામ યોજનાથી ગ્રામીણ વિકાસમાં આવેલા પરિવર્તનો અંગેનો અભ્યાસ’ (નવસારી જિલ્લાના સંદર્ભે)” ઉપર સંશોધન કાર્ય પૂર્ણ કર્યું હતું, જેને યુનિવર્સિટીએ માન્ય રાખી Ph.D. ની ડીગ્રી એનાયત કરી છે અને તેઓએ પણ ભવન્સ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ ખાતે અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક પામ્યા. તેમજ સમાજશાસ્ત્ર અને N.S.S. ના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. સંજયભાઈ વેણીલાલ પટેલ આર્ટ્સ કોલેજ ઓડ, જિ.આણંદ ખાતે અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક પામ્યા. અને સમાજશાસ્ત્ર અને N.S.S. ના ભૂતપૂર્વ વિદ્યાર્થીની ડૉ. દિક્ષિતાબેન પટેલ માસ્ટર ઓફ રૂરલ સ્ટડીઝ (M.R.S.) ડિપાર્ટમેન્ટ વીર નર્મદ દ.ગુ. યુનિવર્સિટી સુરત ખાતે

અધ્યાપક તરીકે નિમણૂંક પામી ખેરગામ કોલેજનું ગૌરવ વધારેલ છે. એન.એસ.એસ.ના ઉત્સાહી સ્વયંસેવક તરુણભાઈ એ. પટેલ સિલ્ચર યુનિવર્સિટી આસામ ખાતે રાજ્યની સિલેક્ટેડ ૧૦ વિદ્યાર્થીઓમાં પસંદગી પામી રાષ્ટ્રીય એકતા શિબિરમાં ભાગ લઈ ખેરગામ કોલેજનું ગૌરવ વધારેલ છે. ઉપરાંત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા કુ.પ્રિયંકાબેન નટુભાઈ થોરાતની ભૌતિકશાસ્ત્ર વિષયના મદદનીશ પ્રાધ્યાપક તરીકે અત્રેની કોલેજ ખાતે નિમણૂંક કરવામાં આવી.

આજ કોલેજના સંસ્કૃત વિષયમાં ફરજ બજાવતા પ્રા. ડૉ. યોગેશકુમાર એન. ટંડેલે શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના સંસ્કૃત વિષયના અધ્યક્ષ ડૉ. હંસાબેન એ પરમારના માર્ગદર્શન હેઠળ "મનુસ્મૃતિના વિચારોનો સાંપ્રત ભારતીય સમાજ ઉપર પ્રભાવ" વિષય સંદર્ભે સંશોધન કાર્ય કર્યું હતું જેને વીર નર્મદ દ. ગુ. યુનિ. સુરતે પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે.

શબ્દોથી બધી બાબતોને સ્પષ્ટ કરવાનું શક્ય નથી, આવી તંદુરસ્ત ભાવ સભર પરંપરાઓ અવિરત રીતે સક્રિય રહે તેવી શુભ ભાવનાઓ અને Servant Leadership ની સ્વૈચ્છિક રીતે સ્વીકારેલી જવાબદારીઓની સભાનતા સાથે સહુ ગુણીજનો, સ્વજનો, સમગ્ર કોલેજ પરિવાર તથા આ વર્ષના ૨૮માં વાર્ષિક ઉત્સવના "કસ્તુરી" મુખપત્રના સંપાદક તરીકેની ભગીરથ જવાબદારી ઉપાડનાર તેજસ્વી કર્મઠ અને કુશળ પ્રાધ્યાપિકા ડૉ. નીમુબેન એસ. ચૌધરી અને શ્રી વિષ્ણુભાઈ આર. પઢીયાર તેમના સંપાદક વૃંદને હ્રદયપૂર્વક બિરદાવી વિરમું છુ.

જય જય ગરવી ગુજરાત.............

પ્રિ.ડૉ. સંજયકુમાર એમ. પટેલ
સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ,
તા. ખેરગામ, જિ.નવસારી.

**"દરેક દિવસ એક અપેક્ષાથી શરૂ થાય છે. અને એક અનુભવથી પૂરો થાય છે"**